# ॥ ગૌતમ ગાથા ॥

અંગૂઠે અમૃત વસે
લબ્ધિ તણા ભંડાર

જિહાં જિહાં દીએ દિક્ખ
તિહાં તિહાં કેવલ ઉપને એ

ગૌતમ નામે નવે નિધાન

ગૌતમ સરીખા ગુરૂ નહિ
વળી વળી વંદુ તેહ

પંન્યાસ
મુક્તિવલ્લભ વિજય

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ગૌતમ ગાથા

પંન્યાસ મુક્તિવલ્લભ વિજય

: પ્રકાશક :

**પ્રજ્ઞા પ્રબોધ પરિવાર**

-: મુખ્ય પ્રાપ્તિ સ્થાન :-

**શ્રી સમકિત યુવક મંડળ**

રવિકુંજ, ગ્રાઉન્ડ ફ્લોર, દોલતનગર રોડ નં. ૭,

બોરીવલી (ઈસ્ટ), મુંબઈ-૪૦૦૦૬૬.

ફોન : ૩૨૫૨૨૫૦૯

आचार्य श्री कैलाससागरसूरि ज्ञानमंदिर
कोबा (गांधीनगर)
पि. ३८२ ००९

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

151337

# : પ્રાપ્તિસ્થાન :

*** નવભારત સાહિત્ય મંદિર ***

૧૪૩, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૨.

ફોન : ૨૨૦૧૭૨૧૩, ૨૨૦૮૫૫૯૩

ફતાસાની પોળની સામે, ગાંધી રોડ, અમદાવાદ. ફોન : ૨૨૧૩૯૨૫૩, ૨૨૧૩૨૯૨૧

*** કેતનભાઈ ડી. સંગોઈ ***

૧/૧૨, વૈભવ એપાર્ટમેન્ટ, શ્રેયસ સિનેમા લેન,

સાંઘાણી એસ્ટેટ, એલ.બી.એસ. માર્ગ, ઘાટકોપર (વે),

મુંબઈ. ફોન : ૨૫૦૦૫૭૦૩, ૯૨૨૪૬૪૦૦૭૦

*** શશીભાઈ ***

અરિહંત કટલરી સ્ટોર, આંબાચોકની પાછળ,

ભાવનગર - ૩૬૪૦૦૧. મો.: ૯૮૨૫૧૦૫૫૨૮

*** મિલનભાઈ ***

આનંદ ટ્રેડ લિંક પ્રા. લિ.

૪૦૧, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમ સામે,

પાલડી, અમદાવાદ - ૬. મો.: ૯૩૭૫૦૩૫૦૦૦

**પ્રથમ સંસ્કરણ : અષાઢ, ૨૦૬૭**

**મુલ્ય : ૩૫.૦૦**

**મુદ્રક : એકતા ક્રિએશન (હિતેશભાઈ સફરી)**

એ-૨૦/૧૭, પાટણ જૈન મંડળ, રતન નગર, બોરીવલી (ઈસ્ટ),

મુંબઈ-૬૬. મોબાઈલ : ૯૯૩૦૪૦૪૭૨૫, ૯૯૨૦૭૯૫૭૯૯

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ગૌતમસ્વામીની લબ્ધિ હોજો...

નૂતન વર્ષની મંગલ પ્રભાતે

કલ્યાણ–કામના.



સદા ઊગતા રહો...

સદા ખીલતા રહો...

સદા પ્રગટતા રહો...

સદા નીખરતા રહો...

સદા વિસ્તરતા રહો...

સદા વિકસતા રહો...

આપની આ વિકાસયાત્રા

પરિપૂર્ણતાની પરમ મંઝીલને શીઘ્ર સર કરે

તેવી શુભ કામના...



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શ્રી પ્રેમ-ભુવનભાનુ-જયઘોષસૂરીભ્યો નમઃ
શ્રી ધર્મજિત્-જયશેખર-જગવલ્લભસૂરીભ્યો નમઃ

# ગૌતમ નામે નવે નિધાન

કેરળના પદ્મનાભ મંદિરના રત્ન-ખજાનાને ક્યાંય ટપી જાય તેવો સુસમૃદ્ધ રત્નભંડાર એટલે ગુરુ ગૌતમસ્વામી. તે સ્વયં તો રત્નભંડાર હતા, તેમનું નામ પણ રત્નનિધાન છે. ગૌતમ નામે નવે નિધાન.

ભૌતિક નવ નિધાન તો ચક્રવર્તી નામ કર્મના ઉદયથી પણ સંપજી શકે. નિજની અંદર દટાયેલા અલૌકિક ગુણ-નિધાનોને પ્રગટ કરવાનું પરમ સામર્થ્ય આ પ્રભાવશાળી નામમાં છે.

એ પ્રભાવને પામવાનો સમર્થ આયાસ એટલે પ્રાર્થના. અહીં પાને પાને પ્રભુ ગૌતમના ચરણે પ્રાર્થનાઓ પાથરી છે. પ્રાર્થનાના માધ્યમથી ગૌતમસ્વામીની ગાથા કરી છે.

ગાથા એટલે સ્તવના,
ગાથા એટલે ગુણોત્કીર્તન.
"જિન ઉત્તમ ગુણ ગાવતા,
ગુણ આવે નિજ અંગ."
આ યુક્તિ કામયાબ નીવડે એવી આશા અને અપેક્ષા.

અષાઢ સુદ-૧૦
ઘાટકોપર

મુક્તિવલ્લભ વિજય

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

આપના નામસ્મરણ માત્રથી
અભિલષિત કામનાઓ પરિપૂર્ણ થાય
તે આપના નામનો અચિન્ત્ય મહિમા છે
પણ,
આજે તો એવો મહિમા
મારા પર અજમાવો કે,
હું આપનું નામ રટું
અને,
મારી સર્વ અભિલાષાઓ
અને કામનાઓ
સૂકાં પાંદડાંની જેમ
ખરી પડે !



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

આપના

અંગૂઠે અમૃત વસે

મારી

જીભે અમૃત વસે

તેવો

ચમત્કાર તો કરો !

હે ગૌતમપ્રભુ !

આપનો અંગૂઠો ખીરને અડ્યો

અને, ખીર અક્ષય બની ગઈ.

મને તે ખીરની ઈર્ષ્યા થાય છે.

પ્રભુ !

તે ખીર જેવું સૌભાગ્ય મને

પણ આપો.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

નૂતન વર્ષની મંગલ પ્રભાતે

આપના જીવન–આંગણે

કેવલજ્ઞાનનો

દીપક પ્રગટ્યો !

મારા જીવન–આંગણે

સમ્યગ્દર્શનનો દીવડો પ્રગટે

એવી

મહેર તો કરો !



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

નૂતન વર્ષની મંગલ પ્રભાતે
"ગૌતમસ્વામી રાસ" સાંભળીને
અમે આપના નામથી જ
વર્ષનું આદ્ય મંગલ કરીએ છીએ
અને
દિવાળીના દિવસે શારદાપૂજન
વખતે ચોપડામાં
"ગૌતમસ્વામીની લબ્ધિ હોજો" લખીને
આપના નામથી જ
વર્ષનું અંતિમ મંગલ કરીએ છીએ.
આપ ખરેખર મંગલમૂર્તિ છો !


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

જયારે કોઈ જવલંત સફળતાનો
અવસર હોય ત્યારે
હું તરત જ ત્યાં
'જસ' નો ક્લેઈમ કરવા
પહોંચી જાઉં છું.
અને
જયારે કોઈ સરિયામ નિષ્ફળતાનો
અવસર હોય ત્યારે
હું તરત જ
તે નિષ્ફળતા માટે
કોઈને ને કોઈને બ્લેઈમ કરવા માંડું છું.
'અહંકાર' રોગના
આવા તો અઢળક લક્ષણો
મારામાં સ્પષ્ટ વરતાય છે.
આપ મારા વૈદ્ય બનશો ?



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

મહસેન ઉદ્યાનના સમવસરણમાં
આપ મહાવીરને જીતવા ગયા
અને
થઈ ગઈ કમાલ !
અહંકારને જીતીને
આપ ખુદ
મહા – વીર થઈ ગયા !

હે ગૌતમપ્રભુ !

'અહંકાર'નું
ભારેખમ વજન દૂર થયા પછી
આપનું મસ્તક
એટલું બધું ભારે કેવી રીતે થઈ ગયું કે
પ્રભુના ચરણો પરથી
ઉપર ઊંચકાય જ નહિ !



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

પ્રભુને
ઈન્દ્રજાળિઓ કહીને
તેમને હરાવવા
આપ પ્રભુની સામે ગયા !
ઈન્દ્રભૂતિને પોતાની
વાત્સલ્ય-જાળ કે
કૃપા-જાળમાં પકડીને
પ્રભુ
ખરા ઈન્દ્ર-જાળિયા પુરવાર થયા !
પ્રભુએ વેદને તો ખોટા ન પાડ્યા,
આપને પણ ખોટા ન પાડ્યા !



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

અહંકાર ખરો જાદુગર છે.
નોંખી વ્યક્તિ, નોંખો ખેલ.
બાહુબલીજીને તેણે આદેશ કર્યો :
"ખબરદાર, પ્રભુ પાસે નથી જવાનું."
બ્રાહ્મણ અવસ્થામાં આપને
તેણે આદેશ કર્યો:
"જલ્દી ઉપડ, મહાવીર પાસે પહોંચ."
પરંતુ,
અહંકાર ગમે તે ખેલ કરે
પ્રભુનો એક જ ખેલ છે :
તેનો ખેલ ખલાસ કરવાનો.
આપની ઉપરનો અહંકારનો ખેલ
પ્રભુએ ખલાસ કર્યો.
મારી ઉપરના અહંકારના ખેલને
ખલાસ કરવાની
જવાબદારી આપ લેશો ?



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

'મારામાં કાંઈ જ ખામી નથી'
એ ભાવ લઈને
આપ પ્રભુ પાસે ગયા.
અને,
પ્રભુએ કમાલ કરી.
આપના એ ભાવમાંથી
"ખામી" શબ્દ દૂર કરીને
આપની ખામી પણ
દૂર કરી દીધી !



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

અહંકારના ગજ પરથી
કોઈ હેઠા ઊતરે એટલે
ચમત્કાર સર્જાયા વગર રહે નહિ !
બાહુબલીજી ઊતર્યા તો
તેમને કેવજ્ઞાન મળ્યું !
આપ ઊતર્યા તો
આપને કેવલજ્ઞાની મળ્યા !

હે ગૌતમપ્રભુ !

પ્રભુની સારવાર-સેવા
અનેક રીતે ઉપલબ્ધ થઈ શકે છે.
માન-કષાયનું દરદ મટાડવા
પ્રભુએ બાહુબલીજીને
ટ્રીટમેન્ટની હોમ-ડિલિવરી કરી.
આપે પ્રભુના દવાખાને
જઈને સારવાર લીધી !



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

આપના જીવન ક્યારામાં
જ્ઞાન, પદ, પ્રતિષ્ઠા, લબ્ધિ વગેરેનું
પુષ્કળ ખાતર પથરાયેલું હતું.
છતાં,
અહંકારનો છોડ ઊછર્યો કેમ નહિ ?
અને,
મારા જીવન ક્યારામાં તો
આવું કોઈ પોષક ખાતર પડ્યું નથી
તો પણ
અહંકારનું વિષવૃક્ષ
કેમ વધુ ને વધું વિરાટ બનતું જાય છે ?
કાંઈક ભેદ ખોલો ને !



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

વિનય તો
પુંડરિકસ્વામી જેવા
અન્ય ગણધર ભગવંતોનો પણ
ક્યાં કમ હતો ?
છતાં
આપનો વિનય બ્રાન્ડેડ આઈટમ
કેમ બન્યો ?
મીણબત્તી તો દિવસે પણ પ્રકાશ
એટલો જ આપે.
છતાં,
રાત્રે તે વધારે ધ્યાન ખેંચે છે....
કારણ કે,
તેને અંધારાનું પીઠબળ છે.
અહંકારની પૂર્વભૂમિકાએ જ
કદાચ આપના વિનયને
ઊંચા આસને બેસાડ્યો હશે !



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

કાંટો કાઢતા કાઢતા સાથે
કેન્સરનું ઓપરેશન પણ કરી નાંખે
તેવા કોઈ સર્જન હોઈ શકે ખરા ?

પ્રભુ વીરે
આપની મનોગત શંકાનું
નિવારણ કરવાની સાથે
ખબર પણ ન પડે તે રીતે
આપના અહંકારનું
પણ ઓપરેશન
કરી નાંખ્યું !



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

જયાં કોઈ શેતાનનો અડ્ડો હતો
ત્યાં જ કોઈ સંત
પોતાનો આશ્રમ બનાવે ખરા ?
આપનું આશ્ચર્યકારી ચરિત્ર
જાણ્યા પછી
હજુય એ આશ્ચર્ય ઓસરતું નથી કે,
જયાં અહંકારનો અડ્ડો હતો
તે જ સરનામે
વિનયે વસવાટ કેવી રીતે કર્યો ?



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

સ્વનામ, મનોગત શંકા
અને
તે શંકાનું સચોટ નિરાકરણ
પ્રભુ વીરના મુખેથી
સાંભળતાની સાથે
અહંકારનો તોતિંગ ટાવર
ધરાશાયી થઈ જવાની
ભવ્ય ઘટનાનું
આપના મુખારવિંદની રેખાઓ પર
જે પ્રતિબિંબ પડ્યું હશે...
તે પ્રતિબિંબને નીરખવાનું સૌભાગ્ય
જે આંખોને મળ્યું હશે....
તે આંખોની પણ
આરતી ઉતારવાનું મન થઈ જાય !



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

આપ

પ્રભુના સમવસરણમાં

"વિજ્ઞ" તરીકે

જાહેર થવા આવેલા.

અને,

પ્રભુ સમક્ષ

'અજ્ઞ' તરીકે હાજર થઈ ગયા !

સર્વજ્ઞ તરીકે

પોતાની ખ્યાતિ ફેલાવનારા આપ

જ્યારે

પ્રભુ સમક્ષ નતમસ્તકે

અજ્ઞ બાળકની જેમ

"ભયવં કિં તત્તં ?"

પૂછવા લાગ્યા...

તે દશ્ય કેવું ભવ્ય હશે !



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

સાધનામાર્ગનો મોટો અવરોધ

'હું' છે.

તે 'હું' ને ખૂબ સહજતાથી

આપે ખસેડી દીધો.

હું તો ક્યારનોય કેટલાય ધક્કા મારું છું.

તોય તે ટસનો મસ નથી થતો.

અને,

મારા સાધનાપંથનો અવરોધ તો તે છે જ,

મારા સમાધિપંથમાં પણ તે

મોટો અવરોધ બનીને ઊભો છે.

માત્ર મારા 'હું' ને કારણે

હું કેટલીય વાર

દુર્ધ્યાનના કાદવમાં ખૂંપી જાઉં છું.

પ્રભુ !

મારા 'હું' ને હટાવી દ્યો ને !



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

કર્મગ્રન્થમાં માનકષાયને સ્તંભ જેવો
ગણાવવામાં આવ્યો છે.
થાંભલા જેવા માનનું
માખણના પિંડ જેવા મુલાયમ વિનયમાં
રૂપાન્તર કેવી રીતે થઈ ગયું ?
સ્વામી ! એ કેમિકલ પ્રોસેસ
મને પણ શીખવાડો ને !

હે ગૌતમપ્રભુ !

રત્નાકર પચ્ચીસીમાં
'માન' ને અજગરની ઉપમા અપાઈ છે.
પ્રભુએ આપના તે અજગરનું
ગર કાઢી નાંખ્યું.
અને, તે બિચ્ચારા અજ (બકરા) જેવો
બની ગયો ! આવો કાંઈક માનના
યોનિ-પરિવર્તનનો જાદુ
મારી ઉપર અજમાવો.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

હું જ્યારે વિનમ્ર બનીને
સહુનો ખૂબ સુંદર વિનય કરું છું
ત્યારે
"હું કેવો મહાન વિનીત !"
એ ભાવથી
મારા ખભા ઊંચા થઈ જાય છે.
અહંકાર તેના શત્રુનો પણ શિકાર કરીને
તગડો બનતો જાય છે.
સ્વામી !
મારો કોઈ ક્લાસ ખરો ?



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

બેશરમ બનીને
મારી નાદાર સ્થિતિ
આપની સમક્ષ જાહેર કરું છું:
મારા કહેવાતા 'વિનય' ને પણ હું તો
અહંકારના ક્યારાનું ખાતર બનાવું છું.
મારી અને આપની વચ્ચેનું અંતર
કેટલા પ્રકાશવર્ષ હશે ?

હે ગૌતમપ્રભુ !

આપ અહંકારી હતા,
તેમાંથી કન્વર્ટ થઈને વિનીત બન્યા.
હું આપની જેમ આખોને આખો
કન્વર્ટ ભલે ન થાઉં...
થોડોક ડાયવર્ટ થાઉં,
તેવું તો કાંઈક કરો !



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

આમ જુઓ તો
અહં ને તોડવા
આપે કર્યું છે શું ?
જીવનના કેન્દ્રમાં અહં હતો
ત્યાં પ્રભુને બેસાડી દીધા !
પણ,
આ અહં એવો અહંકારી છે કે,
કેન્દ્ર સિવાય બીજે તો તે બેસે શાનો ?
પ્રભુની સરકાર સત્તા પર આવી
એટલે મોહની સરકાર સહજ
પદભ્રષ્ટ થઈ !



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

મારે ડૉક્ટરોને પૂછવું છે–
ખભાનું એવું કોઈ ઓપરેશન થઈ શકે કે
ગર્વથી તે ઊંચા જ ન થાય ?
છાતીનું એવું કોઈ ઓપરેશન થઈ શકે કે
અભિમાનથી તે ફૂલાવા ન માંડે ?
પગના તળિયાંની એવી કોઈ
ચિકિત્સા ખરી કે
અહંકારમાં તે અધ્ધર ન થઈ જાય ?
શરીરની એવી કોઈ ટ્રીટમેન્ટ ખરી કે
માનથી તે અક્કડ ન થઈ જાય ?
માથાનો એવો કોઈ ઈલાજ ખરો કે
ઘમંડથી તે ફાટફાટ ન થાય ?
મને ખબર છે, કોઈ ડૉક્ટર આનો
જવાબ નહિ આપી શકે.
આ પ્રશ્નોનું સાચું
માર્ગદર્શન આપ જ
આપી શકો !


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

‘શૂન્યમાંથી સૃષ્ટિ’
શબ્દ-પ્રયોગ તો
ઘણીવાર કાને પડ્યો છે.
પણ,
તેનો સાક્ષાત્કાર તો આપનામાં થયો.
અહંકારને ઓગાળીને
આપ સાવ શૂન્ય બની ગયા તો
વિપુલ જ્ઞાન, વિરલ લબ્ધિઓ
અને
વિશિષ્ટ ગુણ સામ્રાજ્યની
ભવ્ય સૃષ્ટિ સહજ સર્જાઈ ગઈ !
અને,
છેવટે
‘શૂન્ય’માંથી જ
આપ
‘પૂર્ણ’ બન્યા !



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

શૂન્યમાંથી સર્જન કરવાનું
મારે નથી શીખવું.
મને
શૂન્યનું સર્જન કરતા શીખવાડો.
મારા માન-કષાયને ઓગાળીને
મારું 'શૂન્ય' માં રૂપાન્તર કરી આપો.

હે ગૌતમપ્રભુ !

અસ્તિત્વના એકડા ઉપર
શૂન્યના ઢગલા કરવાના
મારા વ્યર્થ ઉદ્યમને અટકાવી
સ્વયં શૂન્ય બનવાની કળા
મને શીખવાડો.


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

આપને

આપના જ્ઞાન, પ્રતિષ્ઠા, ઐશ્વર્ય, લબ્ધિ કે

શિષ્યસંપત્તિ આદિ

કોઈ પણ બાબતનો

લેશમાત્ર ગર્વ પણ કેમ નહોતો થતો...

તેનું રહસ્ય

હવે થોડું થોડું સમજાય છે.

આપે પોતાની ઉપરનો માલિકીભાવ પણ

પ્રભુને સોંપી દીધો હતો.

તો, બીજી કોઈ ચીજ ઉપર તો

આપ આપનો માલિકીભાવ

કેવી રીતે માની શકો ?

જેમાં મમત્વ જ નથી,

તે 'અહં' નો ખોરાક

કેવી રીતે બની શકે ?



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

દાસત્વના આનંદને
ચરમસીમાએ અનુભવીને
માલિકીભાવ પાછળ મરતી દુનિયાને
આપે
સણસણતી તમાચ મારી દીધી છે !

હે ગૌતમપ્રભુ !

સેવકને સ્વામી બનાવી દે
એવા સ્વામીના
આપ એવા તો કેવા સેવક બન્યા કે,
જે આપના સેવક બન્યા
તે બધા પણ સ્વામી બની ગયા !



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

'સમર્પણ' તો મનેય ખૂબ ગમે છે.

પણ...

અન્યનું મારા પ્રત્યેનું !

આપના નામનું કીર્તન

મારા એ 'ગમા' નું શીર્ષાસન

ન કરી આપે ?

હે ગૌતમપ્રભુ !

સાંભળ્યું છે કે,

સમર્પણની વેદિકામાં

'ઈચ્છા' નાં ઈંધણ હોમી દેવા પડે !

પણ,

આપે તો પોતાની કોઈ ઈચ્છા

રાખી જં નહોતી.

તો, સમર્પણની વેદિકામાં

આપ હોમતા હતા શું ?



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !
આપે
અહં-દૂષિત
બુદ્ધિની પાઘડી
પ્રભુના ચરણે
ઉતારી દીધી...
તો
ત્રિપદીમાંથી
દ્વાદશાંગીનો વિસ્તાર
કરી શકે તેવી
નિર્મળપ્રજ્ઞાના
દેદીપ્યમાન મુગટથી
આપ સુશોભિત બન્યા !


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

આપે આપનું સર્વસ્વ
પ્રભુના ચરણે ધરી દીધું હતું
કે
પ્રભુ જ
આપનું સર્વસ્વ હતા ?
બેમાંથી કયું સ્ટેટમેન્ટ
યથાર્થ ગણાય ?

હે ગૌતમપ્રભુ !

બધું અર્પણ કરી દેવું સહેલું છે
પરંતુ
સ્વયં અર્પિત થઈ જવું દુષ્કર છે.
આપે પ્રભુચરણે
સર્વાર્પણ કર્યું
અને, સ્વાર્પણ પણ કર્યું !



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

ગુજરાતીમાં કહેવત છે :

"ધાર્યું ધણીનું થાય."

આપના સંદર્ભમાં તો

આ કહેવત સર્વથા સાચી  ઠરી.

પ્રભુ જે ધારતા

તે જ આપ કરતા.

અને,

આપે તો ધારવાનું રાખ્યું જ ક્યાં હતું કે

ધાર્યું કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય !



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

પ્રભુએ

હાલિકને પ્રતિબોધવા જવાની

આજ્ઞા ફરમાવી

ત્યારે

"આ તો પાષાણ પર પલ્લવ ઉગાડવા જેવું

અઘરું કાર્ય છે."

તેમ પણ આપે ન વિચાર્યું

અને

"મારા જેવા પ્રથમ ગણધરને ન શોભે

એવું આ મામૂલી કાર્ય છે."

તેવું પણ આપે ન વિચાર્યું.

"ગુર્વાજ્ઞા"ના પોસમોર્ટમ કરવાનું

આપ

શીખ્યા જ ક્યાં હતા ?



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

"હાલિક" ના પ્રસંગ પરથી
એટલો બોધપાઠ મારે લેવો છે :
"ગુરુદેવ જ્યારે અઘરું કાર્ય સોંપે છે
ત્યારે સમજવું કે
ગુરુદેવને મારા
સામર્થ્યમાં વિશ્વાસ છે.
ગુરુદેવ જ્યારે નાનું કાર્ય સોંપે છે
ત્યારે સમજવું કે
ગુરુદેવને મારી
પાત્રતામાં વિશ્વાસ છે."


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

"હું કહું તેમ કોઈ કરે."

અને

"કોઈ કહે તેમ હું કરું."

બન્ને વાક્યરચનામાં

આમ જોઈએ તો બહુ સામાન્ય ફરક છે.

કહેવાનું અને કરવાનું બન્નેમાં છે.

'હું' અને 'કોઈ' પણ બન્નેમાં છે.

સ્વચ્છંદમતિથી નહિ પણ અન્યની મતિથી

કરવાનું સૂચવતો 'તેમ' શબ્દ પણ બન્નેમાં છે.

છતાં બન્ને વાક્યમાં કેટલું મોટું અંતર છે !

એકમાંથી અહંકારની બદબૂ છૂટે છે.

અને, બીજામાંથી પ્રસરે છે સમર્પણની સુગંધ.

પહેલા વાક્યથી બીજા વાક્ય સુધીનું

અંતર કાપી શકું તેવી કૃપા વરસાવો

તો

મારી અને આપની વચ્ચેનું અંતર પણ

થોડુંક ઘટે !



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

પોતાની ઈચ્છાને ગૌણ કરવાનું પણ
શેં શક્ય બને ?
અને,
પોતે કોઈ ઈચ્છા જ નહિ કરવાની
કક્ષા તો કેટલી કઠિન ?
પરંતુ,
તેથીય આગળ વધીને
અન્યની ઈચ્છાને આધારે જ જીવવાનું...
પોતાની ઈચ્છા મુજબ ન કરીએ
તે હજુ બને...
પણ, અન્યની ઈચ્છા મુજબ જ કરવાનું તો
કેવી રીતે શક્ય બને ?
હે ગૌતમપ્રભુ !
'સમર્પણભાવ'ની કેમિસ્ટ્રી
થોડી શીખવાડો ને !


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

કોની બુદ્ધિ મુજબ ચાલવું
તેનો સુયોગ્ય નિર્ણય કરીને
આપની બુદ્ધિ
એટલી કૃતકૃત્ય બની ગઈ કે
તે પછી બીજા કોઈ નિર્ણયમાં
વચ્ચે આવવાનું
તેને જરાય જરૂરી ન લાગ્યું !
પ્રભુ કે ગુરુની આજ્ઞાના પાલનમાં
વચ્ચે ક્યાંય ન આવવા રૂપે પણ
બુદ્ધિ કદાચ
તેનો શ્રેષ્ઠ રોલ ભજવતી હોય છે !
સમર્પણભાવની સાધનામાં
બુદ્ધિનો ફાળો ઓછો ન ગણાય !



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

તન, ધન, જીવન બધું ય
પ્રભુચરણે કે ગુરુચરણે
સમર્પિત કર્યું હોય
પણ મન ન સોંપાય
તો બાકીનાના સમર્પણનો
અર્થ પણ કેટલો ?
અને, એકવાર મન સોંપાઈ જાય
પછી તન, ધન, જીવન ઉપર
પોતાનો અધિકાર રાખવાનું
પ્રયોજન પણ શું હોઈ શકે ?
સ્વામી !
મને
માનસ-સમર્પણની
વિદ્યા શીખવાડો !!!


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

ગુરુદેવની ગમતી આજ્ઞા
પાળવામાં વાંધો ન આવે...
પણ,
અણગમતી આજ્ઞા શેં મનાય ?
આ વર્ષોની મૂંઝવણનો સરળ ઉકેલ
આપનું પાવન ચરિત્ર ઘૂંટ્યા પછી
મળી ગયો :
"ગુરુને ગમતા કરી દો."
પછી ગુર્વાજ્ઞાના બે ભેદ જ
નહિ પડે.
આપના ચરિત્રના ખૂણેખૂણામાંથી
અનેક ઉપયોગી જીવન રહસ્યો
છતા થાય છે !


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

કોઈ મને કાંઈ કાર્ય સોંપે ત્યારે
હું તે કાર્યનું લેવલ તપાસું છું.
અને, મારી તપાસમાં તે કાર્ય
મારી ડિગ્નિટીને અનુરૂપ જણાય
તો જ હું તે કાર્ય સ્વીકારું છું.
આપની વાત સાવ ન્યારી છે.
આપ તો
કાર્ય સોંપનાર પ્રભુનું લેવલ
નજર સામે રાખતા હતા.
"પ્રભુ-ગુરુ મને કાર્ય સોંપે છે
તેનાથી જ મારી ડિગ્નિટી ઊંચકાય છે."
આ આપની ફોર્મ્યુલા હતી.
આપની આ ફોર્મ્યુલા
જો મને સ્પર્શી જાય
તો મારી ડિગ્નિટી
પણ ઊંચકાઈ જાય !


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

હવે મને સમજાય છે કે
ગુરુજનોની આજ્ઞા મળે ત્યારે
હું
"કઈ આજ્ઞા છે ?"
તે તપાસવા મથું છું
માટે સમર્પણભાવની સાધનામાં
હું નિષ્ફળ જાઉં છું.
"કોની આજ્ઞા છે !"
તે વિચારમાત્રથી
આપ રોમાંચિત થઈ જતા હતા...
માટે સમર્પણ એ આપના માટે
સાધના નહોતી,
સહજ વિલાસ હતો !



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

મારી ઈચ્છાના સ્તર કરતાં
મારા માટેની મારા ગુરુદેવની ઈચ્છાનું સ્તર
સ્વાભાવિક ઊંચું જ રહેવાનું.
કારણ કે,
તેમની ઈચ્છા
જ્ઞાન, અનુભવ અને એકાંત હિતબુધ્ધિનાં
ત્રણ ત્રણ રસાયણોથી
રસાયેલી છે !
આમ તો હું ક્વોલિટી નો આગ્રહી છું.
તે છતાં
ઊંચી ગુણવત્તાવાળી ગુરુદેવની
ઈચ્છાને બદલે
ઊતરતી ગુણવત્તાવાળી મારી જ ઈચ્છાને
પસંદ કરતી વખતે
મારો ક્વોલિટી પ્રેમ ક્યાં અદશ્ય થઈ જાય છે
તે મને સમજાતું નથી.
પ્રભુ ! મને સમજાવો ને !


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

અત્યાર સુધી મારી વાંછા હતી :

મને ગુરુ મળો તો આપના જેવા મળો,

જેથી મારે કાંઈ કરવાનું રહે જ નહિ.

અને,

શિષ્ય મળો તો પણ આપના જેવા મળો,

જે પડ્યો બોલ ઝીલે.

પણ

પછી સમજાયું કે,

આ તો મારી પ્રાર્થના છે કે

ગુરુ યા શિષ્ય તરફની મારી અપેક્ષા ?

હવે મેં પ્રાર્થના બદલી છે.

હું ગુરુ બનું તો આપના જેવો બનું,

સર્વથા નિસ્પૃહ !

હું શિષ્ય બનું તો આપના જેવો બનું,

સર્વથા સમર્પિત.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

આપનું ચરિત્ર જાણ્યા પછી
'સમર્પણ'ની ઝંખના તો મનેય જાગી છે.
પણ, તેમાં
બીજાના પરનો અધિકાર
જતો કરવાની
માત્ર વાત હોત તો વાંધો નહોતો,
પોતાના પરનો અધિકાર પણ
સોંપી દેવાનું તો શેં શક્ય બને ?
મારા અસામર્થ્યને જેમ જેમ ઓળખતો
જાઉં છું....
તેમ તેમ આપના મહાસામર્થ્યથી
હું વધુ ને વધુ અંજાતો જાઉં છું.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

પ્રભુના પાવન ચરણમાં
એવી તે કેવી ઉષ્મા હતી કે
તે ચરણોના સ્પર્શ માત્રથી
આપનો પોલાદી અહંકાર
પીગળી ગયો !
અને,
પ્રભુના પાવન ચરણોમાં
એવી તે કેવી ટાઢક હતી કે
આપ સ્વયં
ત્યાં થીજી ગયા !



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

વીરપ્રભુથી
આપ એવા તો કેવા
ભાવિત અને પ્રભાવિત થઈ ગયા હતા કે,
આપના સમગ્ર ચરિત્રના અંશ-અંશમાંથી
"વીર-વીર" નો મીઠો રણકાર
ગૂંજયા કરે છે !

હે ગૌતમપ્રભુ !

ઈન્દ્રભૂતિ બ્રાહ્મણની અવસ્થામાં
આપને વીર વસમા લાગ્યા.
અને, પ્રભુનું નિર્વાણ થયું ત્યારે
આપને વીર વગર વસમું લાગ્યું !
વીર વસમા લાગ્યા ત્યારે વીતરાગ મળ્યા
અને, વીર વગર વસમું લાગ્યું
ત્યારે વીતરાગતા મળી !
પ્રભુ ! અમને બધું સમું હોય ત્યારેય
કાંઈ નથી મળતું !



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

પ્રભુ આપને ગમતા હતા
માટે પ્રભુને જે ગમતું હતું
તે આપને ગમતું હતું.
ગમતાને ગમતું
ગમતું થઈ જાય
તો જ
ગમતા એ ખરેખર
ગમતા કહેવાય.
આ વાત
મને
ગમી જાય તો
કેવું સારું!



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

ઈન્ફર્મેશન અને ઈન્ટરવ્યૂના જમાનામાં
જીવનારા અમને એવું કૌતુક સહજ થાય કે,
કદાચ આપને આપનો બાયોડેટા
લખવાનું કહેવામાં આવે
તો તે આપ કેવી રીતે લખો ?
પહેલી નામની કોલમમાં જ સમસ્યા નડે.
જેણે પોતાના નામનું પ્રભુપ્રીતિના
યજ્ઞમાં વિલોપન કરી દીધું હોય
તે પોતાનું નામ શું લખે ?
હા,
સરનામું લખવામાં આપને તકલીફ ન પડે.
આપ બેધડક લખી દો : વીર-ચરણ !!!
જો કે,
તેમાંય હું થોડો Over-Wise થયા
વગર ન રહું.
"વીર-ચરણ" ના સ્થાને 'વીર-હૃદય'
લખી દઉં !



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

એટલું જ માંગું છું કે,

પ્રભુ પ્રત્યેની

આપની રાગદશાનું

ગુણોત્કીર્તન કરતા કરતા

મારી જગત પ્રત્યેની જાલિમ રાગદશા

હચમચી જાય !

હે ગૌતમપ્રભુ !

મારો રાગ બળે ભલે નહિ,

પદાર્થો પરથી

તે રાગ

પ્રભુ તરફ વળે

તેવો જાદુ તો કરો !



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

એક પક્ષી રાગ કેવી રીતે સંભવી શકે ?
કદાચ, સંભવી શકે તોય ટકી
કેવી રીતે શકે ?
તે વહેલો – મોડો તૂટે જ.
જુઓને, આપના કેસમાં પણ એવું જ
બન્યું ને !
વીતરાગી પ્રભુ પર આપે રાગ કર્યો.
તે રાગ ખૂબ ટકાવ્યો પણ ખરો.
પણ, આખરે રાગ તૂટ્યો !
આમ તો આવો એકપક્ષી રાગ તૂટે પછી
દ્વેષ પ્રગટે !
આપના કેસમાં જૂદુ થયું.
રાગ તૂટ્યો, વીતરાગતા પ્રગટી !
આપ સાવ નોંખી માટીના જ છો !



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

એક સુભાષિતમાં સાંભળ્યું છે કે
જેના હૈયે ગુરુનો વાસ છે
તે શિષ્ય ધન્ય છે...
અને,
ગુરુના હૈયે જે શિષ્યનો વાસ છે
તે શિષ્ય ધન્યાતિધન્ય છે.
આપના કેસમાં તો
બન્ને સૌભાગ્ય ચરમ સીમાએ
પહોંચેલા હતા.
તો આપને બિરદાવવા
ધન્ય અને ધન્યાતિધન્યનો
સરવાળો કરવાનો કે ગુણાકાર ?



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

આપના સૌભાગ્યનાં
કેટલાં ઓવારણાં લઉં ?
આપે પ્રભુવીરના ચરણો ઝાલ્યા !
આપે પ્રભુવીરનાં વચનો ઝીલ્યાં !
આપ પ્રભુવીરની કરુણામાં ઝીલ્યા !
અને, આપ પ્રભુની જીભે-હોઠે ઝૂલ્યા !

હે ગૌતમપ્રભુ !

વીતરાગસ્તોત્રમાં શ્રી હેમચંદ્રાચાર્યજીએ
અન્યોન્યાશ્રયની વાત કરી છે.
"પ્રભુભક્તિ થી પ્રભુકૃપા.
પ્રભુકૃપા થી પ્રભુભક્તિ."
આપની પ્રભુભક્તિ અજોડ હતી.
અને, આપની ઉપર અમોઘ પ્રભુકૃપા
ઊતરી હતી.
અન્યોન્યાશ્રયનો ભેદ કોણે કર્યો હતો ?
આપે કે પ્રભુએ ?


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

મને તમે

આટલા બધા વહાલા કેમ લાગો છો ?

કદાચ

પ્રભુ વીરને તમે

આટલા બધા વહાલા કર્યા'તા

એટલે તો નહિ હોય ?

હે ગૌતમપ્રભુ !

ધોધમાર વરસાદ પૂર્વે

ઘણીવાર ખૂબ ઉકળાટ થતો હોય છે.

આપે ઈન્દ્રભૂતિ બ્રાહ્મણ તરીકે

પ્રભુની સામે જે અહંકાર-ચાળા કર્યા

તે પ્રભુપ્રીતિની મુશળધાર વર્ષા પૂર્વેનો

ઉકળાટ હતો કે શું ?



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

આપની પાત્રતા તો
પ્રભુની નજરમાં
Approved થઈ ગઈ.
મારી પાત્રતા
Improve થાય
તેવી એક નજર
મારી પર કરો ને !


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

લાઈટ કે કોલબેલની સ્વીચ
વગર પ્રયોજને પણ
ઓન-ઓફ કરવાની
ચંચળતા છૂટવી મુશ્કેલ છે...
ત્યારે,
પ્રયોજન ઊભું થવા છતાં
અવધિજ્ઞાન કે મનઃપર્યવજ્ઞાનની સ્વીચ
આપ ઓન નહોતા કરતા !
આપનું
યોગ-ઐશ્વર્ય અદ્ભુત છે !



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

મન:પર્યવજ્ઞાન કે અવધિજ્ઞાન
જેવી જ્ઞાનસંપત્તિ
કે, વિશિષ્ટ અને વિરલ્ લબ્ધિઓને પણ
ગોપવી રાખવાના
આપના જીવન-વૃત્તાંતનું શ્રવણ
મારી
Show-off કરવાની વૃત્તિને માટે
એક મરણતોલ પ્રહાર પુરવાર થાય
તેવી કરુણા કરજો...



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

પ્રભુની દેશનાનું શ્રવણ કરતા
આપ અત્યંત વિસ્મિત થઈ જતા હતા !
પ્રભુ જે કહેતા હતા
તે બધુ આપ જાણતા હતા.
છતાં, આપ વિસ્મિત કેવી રીતે થઈ
શકતા હતા ?
ક્યારેય નહિ જાણેલું
અપૂર્વ કાંઈક સાંભળવા મળે ત્યારે પણ
અમને તો વિસ્મય નથી થતું.
પ્રભુ ! વિસ્મય-દીક્ષા આપો...



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

પ્રભુ દેશનામાં
જે કાંઈ પ્રકાશતા હતા
તે બધું આપ જાણતા હતા.
છતાં,
અદ્‌ભુત વિસ્મયથી
આપ પ્રભુનાં વચનોને ઝીલતા હતા.
વાત ભલે નવી નહોતી
પણ પ્રભુના મુખેથી વહીને આવી
તેથી
તે નવી ન હોવા છતાં
તેને નાવીન્ય-દીક્ષા મળી ગઈ !
કહેનારના વજન પરથી
વચનનું વજન કરવાની ક્ષમતા
મારામાં ક્યારે પ્રગટશે ?



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

એકવાર જાણેલી વાત
ફરી સાંભળવા મળે ત્યારે
તે સાંભળતા મને
જરાય વિસ્મય નથી થતું.
ભલે ન થાય.
પરંતુ,
આપે જાણેલી જ વાત
પ્રભુમુખેથી ફરીથી જાણવા મળે ત્યારે
જાણે અપૂર્વ સાંભળતા હોય
તેવું વિસ્મય આપ અનુભવતા હતા,
આ વાત સાંભળીને પણ
મને વિસ્મય કેમ નથી થતું ?
સ્વામી !
કાંઈક ઈલાજ કરો ને !


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

ઘણીવાર સાંભળેલી વાત પણ
જો પ્રભુમુખેથી વહીને આવે તો
અપૂર્વ સાંભળતા હોય,
તેવું વિસ્મય આપ અનુભવતા
અને
સાવ મામૂલી કે નાનકડું કાર્ય પણ
જો પ્રભુએ ચીંધ્યું હોય તો
મહાન પરાક્રમ કરવાનું હોય
તેવા આદર અને ઉલ્લાસથી
આપ તે કાર્ય કરતા.

પ્રભુમુખેથી વહેવામાત્રથી
વાતમાં નાવીન્ય પ્રગટતું !

પ્રભુએ ચીંધ્યું હોવાથી
કાર્યમાં મહાનતા પ્રગટતી !



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

પ્રભુ જ્યારે

દેશના ફરમાવતા હતા ત્યારે

તે વચનોની

Originality અને

Authenticity ને કારણે

આપ

આટલા બધા રોમાંચિત થઈને

તે વીર વચનોને

ઝીલતા હતા ?



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

જે વાત આપ જાણો જ છો
તે જ વાત પ્રભુ પ્રકાશે ત્યારે
આપ સસંભ્રમ તે વાણીને ઝીલતા હતા.

જાણે કે,
પ્રભુમુખેથી આ વાત વહી છે
માટે તેને નવ્યતાની દીક્ષા મળી !
૩૫ અતિશયોથી અલંકૃત
થઈને તે વહી
માટે તેને ભવ્યતાની દીક્ષા મળી !
દિવ્યધ્વનિના સૂરની સંગાથે
તે પ્રસારિત થઈ
માટે તેને દિવ્યતાની દીક્ષા મળી !
સ્વામી !
મને વિસ્મય દીક્ષા આપો...


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

મને એ જાણવાનું ખૂબ કૌતુક છે કે,
જ્યારે
"ભંતે" કહીને
આપ પ્રભુને બોલાવતા હતા ત્યારે
આપ વધારે રોમાંચિત થતા હતા
કે,
પ્રભુ-મુખેથી
"ગોયમા" સાંભળતી વખતે
વધારે રોમાંચિત થતા હતા ?


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

આપ લબ્ધિપ્રયોગથી
અષ્ટાપદ પર્વત ચડી ગયા...
તે તો વિસ્મયકારક ઘટના છે જ !
તેનાથીય વધારે વિસ્મય તો
એ વાતનું થાય છે કે;
આપ
આનંદ શ્રાવકની
પૌષધશાળાનો ઊમરો
કેવી રીતે ચડી શક્યા ?
મને એ લબ્ધિનું દાન કરો ને !


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

પ્રભુવીરના પ્રથમ ગણધર,

દ્વાદશાંગીના સર્જક,

ચાર-ચાર જ્ઞાનના ધણી

અને

૫૦ હજાર કેવલીના ગુરુ

એવા આપ

એક શ્રાવકના ગૃહાંગણે જઈને

એમની ક્ષમા યાચો છો

તે ઘટનાની સાક્ષી બનેલી

તે શ્રાવકના ઘરની ચાર દીવાલોનો

પણ

જય થાઓ !!!



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

જયાં જઈને આપે
આનંદ શ્રાવકની ક્ષમા યાચી હતી
તે તેમના નિવાસ-સ્થાનને
"ક્ષમાપના-તીર્થ" કહીને,
જે ક્ષણે આ ભવ્ય ઘટના બનેલી
તે ક્ષણને
"ક્ષમાપના-પર્વ" કહીને
અને
આપના
પ્રભુ વીરથી આનંદ શ્રાવક
સુધીના વિહારને
"ક્ષમાપના-યાત્રા" કહીને
બિરદાવવાનું મન થઈ જાય છે !


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

પ્રભુ વીરનો પરાભવ કરવા
સોમિલ બ્રાહ્મણના યજ્ઞમંડપમાંથી
પ્રભુ વીરના સમવસરણ ભણી
ખભા ઉછાળતા ઉછાળતા જે ગયા હતા
તે આપ જ હતા ?

આનંદ શ્રાવકની ક્ષમા માંગવા
પ્રભુવીર પાસેથી
તે શ્રાવકના નિવાસસ્થાન ભણી
વિનમ્ર ભાવે જે ગયા હતા
તે આપ જ હતા ?



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

આનંદ શ્રાવકના ઘરે જઈને
આપે આપની ભૂલ સ્વીકારીને
તેમની ક્ષમા યાચી.
આ પ્રસંગથી ભાવિત થયા પછી પણ
ભૂલ થાય ત્યારે
પોતાની ભૂલ સ્વીકારીને
ક્ષમા માંગી લેવાનું સત્ત્વ તો
ખૂબ દુર્લભ લાગે છે.
પોતાની ભૂલનો બચાવ કરવાનું છૂટે
તે પણ દુઃશક્ય લાગે છે.
પરંતુ,
પોતાની પ્રગટ ભૂલ હોવા છતાં
બીજા પર દોષારોપણ કરવાની
દુષ્ટતા ટળે તો ય હું તો
આપનું ચરિત્ર-વાંચન
મારા માટે સાર્થક માની લઈશ !



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

આપ ઘણા મોટા શ્રમણ હતા.

છતાં,

એક શ્રાવકની પણ આપે ક્ષમા માંગી.

વડીલો પ્રત્યે અપરાધ સેવાઈ જાય

ત્યારે તો

તરત નમીને ખમાવી દઉં

તેવી યોગ્યતા પણ

મારામાં ક્યારે પ્રગટશે ?



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

*Self-Realisation* ની

યાચના કદાચ દૂરની વાત લાગે છે.

હાલ તો મારી

*Self-Justification* ની

કુટેવ છૂટે

તો ય ધન્યતા અનુભવીશ.

આનંદ શ્રાવકની ક્ષમાયાચના વખતની

આપની મુખમુદ્રાનું ધ્યાન

મારી આ કુટેવ માટેનો આખરી ઈલાજ લાગે

છે.

તેનાથી ય ન છૂટે તો

આ કુટેવને અસાધ્ય જાહેર કરવી પડે !



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

આપ

આનંદ-શ્રાવકને મિચ્છામિ દુક્કડં

દેવા ગયા,

હાલિકને પ્રતિબોધ કરવા ગયા,

કે

દેવશર્માને બૂઝવવા ગયા...

તેવા કોઈ પણ પ્રસંગે

પ્રથમ ગણધર, મહાજ્ઞાની કે

૫૦ હજાર કેવલીના ગુરુ

તરીકેનું આપનું સ્ટેટસ

આપને કાંઈ નડ્યું નહીં ?

અમારા સ્ટેટસમાં કાંઈ દમ નથી

અને, છતાંય

ડગલે ને પગલે કેટલીયે બાબતોમાં

અમારું સ્ટેટસ અમને નડે છે.

અમારું આ સ્ટેટસનું નડતર દૂર થાય

તેવી કરુણા કરજો...



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

લબ્ધિપ્રયોગથી
અષ્ટાપદ પર્વત
આપ સડસડાટ ચડી ગયા...
તે ઘટનાથી તો
હું અત્યંત વિસ્મિત છું જ...
પરંતુ,
તેથી ય વધુ તો
એ ઘટનાથી વિસ્મિત છું કે,
કોઈ પણ લબ્ધિના પ્રયોગ વિના
અહંકાર-પર્વતના શિખર પરથી
આપ
સડસડાટ નીચે ઊતરી ગયા !


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

કમાલ છે આપને !

અષ્ટાપદ પર્વત પર ચડીને

આપે આપનું કેવલજ્ઞાન નિશ્ચિત

કરી દીધું !

અને,

અષ્ટાપદ પર્વત ઊતરીને

ક્રમસર ત્રણ તબક્કામાં

૧૫૦૦ તાપસોનું કેવલજ્ઞાન

પ્રગટ કરી દીધું !



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

અષ્ટાપદ ઉપર આપ ચડી ગયા.

પણ,

મારી ઉપર

અષ્ટ-આપદ ચડી ગઈ છે.

અષ્ટાપદ ઉપર ચડ઼વા

આપે સૂર્યનાં તેજકિરણોનું

આલંબન લીધું,

અષ્ટ-આપદને ઉતારવા

આપનાં તેજકિરણોનું આલંબન

મને આપો ને !



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

અષ્ટાપદ પર્વતની તળેટીમાં
નૂતન દીક્ષિત તાપસોને
પારણું કરાવતી વખતે
આપનો અંગૂઠો અડવાથી
પેલી ખીરમાં એવી તે કેવી
રેચકશક્તિ પેદા થઈ ગઈ કે,
તે ખીર વાપરતા વાપરતા
૫૦૦ તાપસોને એવો
રેચ લાગી ગયો કે,
અનાદિના ઘાતિમળ તત્કાલ
સાફ થઈ ગયા !



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

કવિએ દુહામાં
આપનો પરિચય આપ્યો છે :
વાંછિત ફલ દાતાર...,
૫૦ હજાર શિષ્યોએ
આપની પાસે માત્ર દીક્ષા વાંછી હતી
અને, આપે તો કેવલજ્ઞાન આપી દીધું !
કવિની પંક્તિમાં થોડોક
ફેરફાર કરવાની
છૂટ જો લઈ શકાય તો
નાનકડો ફેરફાર કરવાનું મન
થઈ જાય.
વાંછાતીત ફલ દાતાર...


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

આપની પાસે જે નહોતું
તેવા કૈવલ્યનું પણ
આપે ૫૦ હજારને દાન કર્યું,
જે હોય
તેનું દાન કરવાનું
સામર્થ્ય પણ
અમારામાં ક્યારે પ્રગટશે ?

હે ગૌતમપ્રભુ !

આપની પાસે નહોતું
તેવું કૈવલ્ય પણ
આપે ૫૦ હજારને આપ્યું !
આપની પાસે હતો
તેવો વિનય તો
મને આપો !



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

આપે
૫૦૦ છાત્રોના ઉપાધ્યાય તરીકેનું
અહંના ભારથી ભારેખમ બનેલું
ગુરુપદ મૂક્યું
અને
હળવાફુલ બનીને આપ
પ્રભુ વીરના ચરણકિંકર થયા...
તો
૫૦ હજાર કેવલજ્ઞાનીના
નિઃસ્પૃહ અન નિરહંકારી
ગુરુ તરીકેનું
મહાન ગૌરવ પામ્યા !


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

આપની ઉપાસના

૫૦ હજાર મુનિવરોને

કેવળજ્ઞાન પ્રાપક સર્વોત્તમભાવની

સ્પર્શના કરાવનારી બની.

અત્યારે

ક્ષપકશ્રેણીના એ ભાવોની સ્પર્શના

અશક્ય છે.

પરંતુ,

વર્તમાનમાં સંભવિત સર્વોચ્ચભાવની

સ્પર્શના તો

મને જરૂર થાય

એટલી કરુણા તો કરજો...



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

આપે જેને દીક્ષા આપી
તેને ફરી બીજી વાર ક્યારેય
દીક્ષા લેવાની જરૂર ન પડે
તે રીતે
આપની આપેલી દીક્ષા તેમને ફળી.

જેને દાન આપ્યું હોય
તેને ફરી દાન લેવા
ક્યારેય હાથ ન લંબાવવો પડે
તેવી સ્થિતિ દાન લેનારની
થઈ જાય
તેવી રીતે
જો દુનિયાના બધા દાતાઓનું
દાન ફળવા માંડે
તો પણ
દુનિયાનું કલ્યાણ થઈ જાય !



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

પોતાની પાસે હોય તેનું દાન તો
કોઈ પણ કરી શકે.
પોતાની પાસે નહોતું તેવા કેવલજ્ઞાનનું
૫૦ હજારને દાન કરીને
આપે ગજબ કરી નાંખ્યો !
આવું ગજબ કાર્ય તો હું પણ કરું છું.
પોતાની પાસે જે શક્તિ-સંપત્તિ-
બુદ્ધિ-જાણકારી હોય
તેનું પ્રદર્શન તો કોઈ પણ કરી શકે.
હું તો મારામાં જે નથી
તેનું પણ પ્રદર્શન કરું છું !
બડાઈ હાંકીને વડાઈ સ્થાપવાની
મારી કુટેવનું ઓપરેશન કરી આપોને !



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

આપના દર્શનનું

એક જ ફળ યાચું છું :

મારામાં

પ્રદર્શન-સંયમ પ્રગટો...

હે ગૌતમપ્રભુ !

હું

મારા અજ્ઞાનને ઢાંકતો રહું છું.

પૂર્ણ જ્ઞાન ક્યાંથી પ્રગટે ?

હું

મારી અપૂર્ણતાને છાવરતો રહું છું.

પૂર્ણતા ક્યાંથી પ્રગટે ?



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

પ્રશંસાના હારતોરામાં
વાઘ-વરુના દર્શન થાય
તેવો જાદુ
મારી દૃષ્ટિમાં પૂરજો.

હે ગૌતમપ્રભુ !

હું
સન્માનથી ખીલ્યો
એટલે
અપમાનથી કરમાવાનો જ.
માન-અપમાનની અસર જ ન થાય
તેવું કોઈ
વેક્સિન આપી દ્યો ને ?


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

"કોઈ મારી પ્રશંસા કરે
અને મને તે ગમી જાય
આવું ન થાઓ."
આ યાચનાનો સ્વીકાર
ભલે વેઈટિંગમાં રાખો...
પણ,
"કોઈને ન ગમતું હોવા છતાં
હું મારી પ્રશંસા કર્યા કરું છું
આવું તો બંધ થાઓ."
આ પ્રાર્થના તો
તત્કાલ સ્વીકારજો !!!


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

આપની લબ્ધિઓ અઢળક હતી.

અને,

એક એક લબ્ધિ અદ્ભુત હતી !

કોઈને પણ

તે લબ્ધિ મેળવવાની લાલચ થઈ જાય !

મારી તે લાલચને રોકીને

એક યાચના કરું:

તે લબ્ધિઓની સાથે જોડાયેલો

આપનો નિઃસ્પૃહ ભાવ

મને ખૂબ ભાવી ગયો છે.

સ્વામી !

મારી આટલી

તો

સ્પૃહા પૂર્ણ કરો !



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

આપ એટલા બધા ગુણવાન હતા કે
સામેથી આવીને
લબ્ધિઓ આપને મળી.
પરંતુ,
આપ એટલા બધા ગુણવાન હતા કે
આપ લબ્ધિઓને લગભગ
ન મળ્યા.

વિનય આદિ ગુણોના પ્રભાવે
આપને અનાયાસે લબ્ધિઓ પ્રગટી.
અને
નિસ્પૃહતા આદિ ગુણોના પ્રભાવે
બે વિશેષ પ્રયોજન સિવાય
આપે ક્યારેય લબ્ધિનો પ્રયોગ ન કર્યો !


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

આપ લબ્ધિના ભંડાર હતા.

પરંતુ,

પ્રાપ્ત લબ્ધિઓ પ્રત્યે

આપને કોઈ સ્પૃહા કે આસક્તિ નહોતી.

જે લબ્ધિ કે રિદ્ધિ મળેલી

તેની ઉપર પણ

આપને કોઈ આસક્તિ નહિ.

અને,

મારી વાત કરું ?

મળ્યું તો કાંઈ નથી કદાચ,

મળવાની સંભાવના પણ

વરતાતી નથી.

અને, છતાં

મેળવવાની કામના જરાય ઓછી

થતી નથી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

લબ્ધિસંપન્ન

કુલવાલક મુનિ

અવિનય અને ગુરુદ્રોહના પાપે

સાધનાભ્રષ્ટ બન્યા.

ઈન્દ્રભૂતિ બ્રાહ્મણની અવસ્થામાં

ઉન્માર્ગે રહેલા આપે

પ્રભુ વીરનું શરણું સ્વીકાર્યું.

વિનય અને સમર્પણના પ્રભાવે

આપ લબ્ધિસંપન્ન બન્યા !

આ બન્ને કાર્ય-કારણભાવ પ્રત્યેની

મારી શ્રદ્ધા વેગવંતી બનો.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

આપની અને મારી વચ્ચેનું
આભ-ગાભનું અંતર તો જુઓ !
આપ પ્રશંસાપાત્ર હતા
છતાં પ્રશંસાભીરુ હતા !
અને, હું ?
જીવનમાં ખાબકેલા અઢળક
દોષોને કારણે
નિંદાપાત્ર છું.
છતાં, પ્રશંસાભૂખ્યો છું !
મારી પ્રશંસાની ભૂખ મરી જાય
તેવી કોઈ દવા
આપની પાસે ખરી ?



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

આપ તો
નિરભિમાની અને નિઃસ્પૃહ
વ્યક્તિત્વના ધારક હતા.
મારી પ્રશંસાપ્રીતિ
પ્રશંસાભીતિમાં ફેરવાઈ જાય
તેવો કાંઈક જાદુ કરો ને !

હે ગૌતમપ્રભુ !

લોકદૃષ્ટિમાં સારા દેખાવાની
મને એવી લાય લાગી છે કે,
તેમાં
સારા બનવાનું તો
બાજુ પર જ રહી જાય છે.
સ્વામી !
મારી લાય છોડાવો.


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

આપ જેવા અહંકારશૂન્ય વિભૂતિના
ઉપાસક તરીકે
મારી પણ કાંઈક કક્ષા હોવી જોઈએ,
તે હું જરૂર સ્વીકારું છું.
મારી કક્ષા ઉપર ચડાવવાનું કામ પણ
આપે જ કરવું પડશે.

મારી પ્રશંસા સાંભળવા માટે
મારા કાન બધિર બની જાય
તે કક્ષા અત્યારે તો દૂર લાગે છે.
પણ, હા...
એટલું થઈ શકે ? કે,
અન્યની પ્રશંસા સાંભળતી વખતે
મારા કાન જે બધિર થઈ
જાય છે....
તે બધિરતા ટળી શકે ?
હાલ
આટલું તો કરી આપો !



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

આપે પ્રભુ ચરણે
સર્વથા ઈચ્છા-વિલોપન કર્યું.
આપનું પાવન ચરિત્ર જાણ્યા પછી
ઈચ્છા વિલોપન, ઈચ્છા વિસર્જન કે
ઈચ્છા વિરમણ પણ
કદાચ મારામાં ન પ્રગટે
તોય છેવટે
ઈચ્છા-વિવેક તો અવશ્ય પ્રગટે
તેવી કૃપા વરસાવજો !



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

આપના આટલા
ઘનિષ્ઠ પરિચય પછી પણ
પ્રભુથી અને પ્રભુવચનથી
પ્રભાવિત થવાના પ્રયત્નને બદલે
પોતાના વ્યક્તિત્વથી
બીજાને પ્રભાવિત કરી દેવાની
મારી ચેષ્ટા
હજુ કેમ શમતી નથી ?

હે ગૌતમપ્રભુ !

લોકના મારા માટેના
ઊંચા અભિપ્રાય અંગે
હું મારા મનમાં
જે ઊંચો અભિપ્રાય બાંધીને બેઠો છું,
તેથી ઘણીવાર મારે
ઘણાં નીચા ઊતરવું પડે છે !
સ્વામી ! મને લોકસંજ્ઞાથી બચાવો.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

આપ પ્રભુથી અંજાઈ ગયા

અને,

હજુ હું કેમ અંજાતો નથી....

તેનું થોડુંક રહસ્ય

આપના ચરિત્રના ભાવન પછી

ખુલતું જાય છે.

હું

મારાથી જ

એટલો બધો અંજાઈ ગયેલો છું

અને

બીજાને આંજી દેવામાં

એટલો બધો વ્યસ્ત છું કે,

કોઈથી પણ અંજાવા માટે

મને અવકાશ જ ક્યાં છે ?



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

કામવાસના અને
દામવાસનાથી પણ
ચાર ચાસણી ચડી જાય તેવી
જાલિમ છે,
નામવાસના...

આ નામવાસનાની
પીડા મટાડવાનો
અકસીર ઈલાજ :
આપનું નામ.

મને
આપના નામની તલપ ઊપડે
તેવો નશો ચડાવો ને !



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

મારું નામ

મને ખૂબ પ્યારું લાગી ગયું

તેમાં

મારા નામની શું કસૂર

કે

તેને તક્તીની કેદમાં પુરાવું પડે ?

સ્વામી !

મારા નામને

તક્તીની કેદમાં પુરાવું ન પડે

તેવો કાંઈક

બંદોબસ્ત કરી આપો ને !



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

આપના નામની ઉપાસના બાદ
હવે તો મારા નામના
વિઝિટિંગ કાર્ડના બંડલમાંથી
મને
ગંદી બદબૂ આવવા માંડી છે !
આને નામોપાસનાની
અસર કહેવાય કે આડઅસર ?

હે ગૌતમપ્રભુ !

આ દુનિયામાં
ઘણાંનાં નામનું નાહી નાખ્યું.
સ્વામી !
હવે 'નામ' ના નામનું
નાહી નાંખતા શીખવાડો.


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

આપે
આપનું નામ
એવું તો કેવું ભૂંસી નાખ્યું
કે,
તે આટલું બધું ઊપસી આવ્યું ?

હે ગૌતમપ્રભુ !

નામી બનવાની દોટમાં
હું 'અનામી' છું
તે તો હું સાવ ભૂલી જ ગયો !
હું અનામી કુળનો નબીરો છું....
તેવું મને સતત યાદ રહે
તેવી મેમરી પીલ્સ આપો ને !



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

આ દુનિયામાં
કોઈ નામચીન બને છે,
કોઈ નામાંકિત બનવા મથે છે.
આપના પાવન ચરિત્રનું પાન કર્યા પછી
નામાતીત બનવાની
ઝંખના પ્રગટે તો કેવું સારું!

હે ગૌતમપ્રભુ !

મારું નામ
મારી ઓળખનું લેબલ માત્ર
નથી રહ્યું,
મારા અહંકારનું લેબલ બની ગયું છે.
નાથ !
મારી નામ-એષણાને
શાંત કરો.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

દામ ખરચીને પણ
'નામ' ખરીદવાના
માર્કેટ જેવો આ જમાનો છે.
બજારું પ્રતિષ્ઠા પણ અમને ખપે છે...
એટલી હદે
પ્રતિષ્ઠા-પ્રેમ
અમારા દિલમાં પ્રતિષ્ઠિત થઈ ગયો છે.
સ્વામી !
તેના ઉત્થાપનનું
મુહૂર્ત ફરમાવો ને !


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

મારી

'નામ-વાસના'ને

એટલી તો ઓગાળી આપો

કે,

હું

'અનામી' પદના ઉપાસક તરીકે

મારી જાતને ઓળખાવું ત્યારે

'અનામી' પદની

અનાભોગથી પણ

આશાતના ન થઈ જાય !



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

ગ્રુપ-ફોટોમાં
સહુથી પહેલો મારો ફોટો શોધવાની
અને તકતી કે બોર્ડમાં
સહુથી પહેલું મારું નામ શોધવાની
મારી આંખોની તરસ સુકાય....
તેવી કૃપા વરસાવો.

હે ગૌતમપ્રભુ !

"અંગૂઠે અમૃત વસે."
તે અંગૂઠાના દર્શન કે પ્રભાવ
અમે પામી નથી શક્યા
તેનો જરાય અફસોસ દિલમાં નથી.
કારણ કે,
"ગૌતમ નામે નવે નિધાન."
એ ચમત્કારી નામ તો આજે પણ
અમે રટી શકીએ છીએ.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

મારા 'નામ' નો

ઓછામાં ઓછો ઉપયોગ

મારે કરવાનો.

અને,

તેની વધુમાં વધુ મહત્તા મને !

જેમને મારું નામ ઉચ્ચારવાનું છે

તેમને જ

તેની મહત્તા તોલવાનો અધિકાર આપવાની

ઉદારતા મારામાં પ્રગટે

તેવી કરુણા વરસાવો...



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

મારું નામ

સારું થાય તે માટે

હું

એટલી હદના પ્રયાસો કરું છું

કે,

મારું નામ

ખરાબ થઈ જાય !

સ્વામી !

આપના નામમાંથી

એવી ઉષ્મા વરસાવોને

કે,

મારી નામાસક્તિનું

બાષ્પીભવન થઈ જાય !



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

"નામ-હક્ક"

જતો કરવાની ઉદારતા

મારામાં કદાચ ન પ્રગટે

તોય

"નામ-ચોરી"

કરવાની દુષ્ટતા તો

ક્યારેય મારામાં ન પ્રવેશે...

એટલું

સુરક્ષા-કવચ પહેરાવી દો !


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

આપ

"જિન-નામ" પાછળ પાગલ હતા.

હું

"નિજ-નામ" પાછળ પાગલ છું.

મારે પાગલ મટવું નથી.

પણ,

પાગલખાનું બદલવું છે.

આપના પાગલખાનામાં

મને પ્રવેશ મળશે ?



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

ડુપ્લિકેટ માલ ઉપર
બ્રાન્ડ-નેઈમ ના સ્ટેમ્પ લગાવીને
ઘરાકને કોઈ પધરાવી દે
તેને છેતરપિંડી કહેવાય.
તો
બીજાના "જસ" ના પેકિંગ ઉપર
પોતાના "નામ" નો સ્ટેમ્પ મારીને
તે 'જસ' ના પેકેટને
સમાજની હવામાં તરતું મૂકવું
તેને શું કહેવાય ?

હું સદા પ્રામાણિક બન્યો રહું
તેવું વરદાન આપો !


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

હું જ

'નામશેષ' થઈ જવાનો છું...

તોય

મારું નામ 'વિશેષ' થઈ જાય

તે માટે વલખાં મારું છું.

મારી મૂર્ખતાની

કાંઈક ચિકિત્સા કરો ને !

હે ગૌતમપ્રભુ !

ફોઈએ મારું નામ પાડ્યું

પણ

મારું નામ મને પાડે છે.

સ્વામી !

મારી નામ-પિપાસા મટાડો ને !



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

ગ્રેનાઈટની તકતી ઉપર,
લાકડાના પાટિયા ઉપર
કે
કાગળના પાના ઉપર
અમારું નામ ચડે
તે માટે અમે
હવાતિયાં મારીએ છીએ.
અને, આપે તો
નામ-વાસનાને સર્વથા પરઠવી દીધી...
તેથી
પ્રભુના હૈયે અને હોઠે
આપનું નામ ચડી ગયું.
સ્વામી !
આપના નામની રટણા
અમારી નામ-વાસનાને
ઓગાળનારી નીવડો...



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

માંગો તે મળે

તેવો આપના નામનો પ્રભાવ છે...

તો,

મારી નામનાની કામના

ઓગાળી દ્યો ને !

હે ગૌતમપ્રભુ !

આપનું નામ

એક નામ-તીર્થ છે.

આ તીર્થને જુહારતા

મારી નામ-વાસનાનો

વિલય થાઓ.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

જે નામની આગળ

એક દિવસ

'સ્વર્ગસ્થ' વિશેષણ લાગવાનું છે,

તે 'નામ' ને ખાતર

નરકના રિઝર્વેશન થઈ જાય

એટલી હદનું અમારું ગાંડપણ !

સ્વામી !

ક્યારેક તો લાગે છે,

ફોઈએ 'નામ' પાડ્યું છે કે

'નામ' નામનું ભૂત વળગાડી દીધું !

પ્રભુ !

નામ-સંજ્ઞાનો

વિલય કરો...



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

આપના ચારુ ચરિત્રથી
પ્રભાવિત થયા પછી પણ
હજુ કદાચ
'જસ' નો જમણવાર કરવાની ઉદારતા
મારામાં ન પ્રગટે...
તો પણ,
કોઈનો 'જસ' આંચકી લેવાની વૃત્તિ તો
મને ક્યારેય ન સ્પર્શે...
એટલું તો માત્ર માંગવાનો જ નહિ,
આપની પાસેથી આંચકી લેવાનો
મને ગૌતમ-પ્રીતિસિદ્ધ અધિકાર છે
તેમ,
હું સમજું છું !


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

મારી અને આપની વચ્ચેનો
સરસવ-મેરુ જેવડો ભેદ મટાડો !
કોઈ સહેજ મારું અપમાન કરે,
અણગમતાં બે વચનો બોલે,
કે મારી અપેક્ષા મુજબનું સન્માન ન કરે...
તે સર્વ પરિસ્થિતિમાં હું છંછેડાઈ જાઉં છું,
અને, કોઈ પ્રશંસાનાં પુષ્પો ચડાવે,
સ્તુતિઓ અને સ્તવનાઓ રચે,
કે ભરપૂર સન્માન આપે...
તે છતાં આપ તો સાવ નિર્લેપ !
સન્માન એ તો કઢાયા દૂધ જેવી ચીજ છે.
અને, અપમાન એટલે કડુ કરિયાતું !
મને કરિયાતું પચતું નથી.
આપ કઢાયા દૂધ કેવી રીતે પચાવી શક્યા ?
પ્રભુ, આપની ભક્તિથી
મારી આ પાચનશક્તિમાં
વૃદ્ધિ થાઓ...



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

વિનય એ નમ્રતાનો સૂચક છે.
વિનયવંત બનવું એટલે નમ્ર બનવું.
નમ્ર બનવું એટલે નીચે રહેવું.
આપ નીચે રહ્યા ખરા
પણ,
તેય સર્વોચ્ચ કક્ષાએ !
જાણે આપને ટોચે રહેવાનું જ ફાવતું...
ઈન્દ્રભૂતિની અવસ્થામાં
અહંકારની ટોચે રહ્યા...
વિનમ્ર બન્યા તો એવા બન્યા કે,
વિનયની ટોચે જઈને વસ્યા !
ટોચ તો આપે ન જ છોડી, હોં !


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

"હું કેવો મહાન !"
નામના
માનગિરિના શિખર પરથી
આપ નીચે ઊતરી ગયા તો
"ગૌતમસ્વામી કેવા મહાન !!!"
નામના
સન્માનગિરિના શિખર પર
દુનિયાએ આપને ચડાવી દીધા !
આપના જેવી વિભૂતિ
શોભે તો ગિરિશિખર ઉપર જ !


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !
તોતિંગ અહંકારનો
ભવિષ્યકાળ
મુલાયમ વિનય પણ
હોઈ શકે...
તે આપના ચરિત્રમાં જાણ્યા પછી
મારા જીવનના તોતિંગ દોષોને
ક્ષણવાર માટે પણ
અસલામતિનો ભય સ્પર્શી જાય
તો પણ કેવું સરસ !


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

સમજાતું નથી કે

પસંદગી કોની ચડે ?

દીક્ષા પ્રાપ્ત કરીને જે અવશ્ય

કેવલજ્ઞાન પામવાના છે

તેવા સુયોગ્ય જીવોની શિષ્ય તરીકેની

આપની પસંદગી પાવરફુલ ગણાય ?

કે

જેમના હાથે દીક્ષા લેવા માત્રથી

કેવલજ્ઞાન નિશ્ચિત થઈ જાય

તેવા ગુરુની શિષ્યો દ્વારા

થયેલી પસંદગી

પાવરફુલ ગણાય ?

પ્રભુ !

મને Sense of Choice

નું દાન કરો.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

જે અહોભાવના શિખરે ચડીને
આપ વીરપ્રભુને વંદતા હતા...
તે "અહોભાવ"ની
તળેટીનો સ્પર્શ તો
અમને કરાવો !

હે ગૌતમપ્રભુ !

આપની જેમ
"લબ્ધિ તણા ભંડાર" બનવાની
કોઈ કામના નથી.
પરંતુ, હા...
એવી કામના ચોક્કસ છે કે,
આપની લબ્ધિનો પ્રયોગ
મારા ઉપર પણ થાય !



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

કવિએ આપની ઓળખાણ સાચી જ
આપી છે :
લબ્ધિ તણા ભંડાર...
લબ્ધિઓને આપે
ભંડારી જ રાખી હતી...
તેથી આપ લબ્ધિના ભંડાર જ હતા,
શૉ-રૂમ નહોતા !
સ્વામી ! મારી શૉ-રૂમ પર્સનાલિટીને
પિગાળી દ્યો ને !


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

પ્રભુવીરના

હૈયે અને હોઠે

આપનું નામ ચડી ગયું !

આપ ધન્ય બની ગયા.

મારા

હૈયે અને હોઠે

આપનું નામ ચડાવી દો ને !

હું ધન્ય બની જાઉં.

હે ગૌતમપ્રભુ !

પ્રભુ વીરને

આપે જે પ્રકર્ષથી ચાહ્યા હતા

તે પ્રકર્ષથી

પ્રભુને ચાહવા હોય તો

"ગૌતમ" બનવા સિવાય

બીજો કોઈ સહેલો ઉપાય ખરો ?



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

ત્રણ ગુણની આપની પાસે
યાચના કરું છું.
અહંકાર જેવા સમર્થ શત્રુ પર
આપે વિજય પ્રાપ્ત કર્યો !
આવો વિજય મને આપો.

પ્રભુવીર પ્રત્યે
આપે અદ્ભુત વિનય ધારણ કર્યો.
આવો વિનય મને આપો.
અને,

પ્રભુનાં વચનોને
આપ અદ્ભુત વિસ્મયથી ઝીલતાં હતા.
આવું વિસ્મય મને આપો.


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

પ્રભુના કહેવાથી આપ
હાલિકને પતિબોધ કરવા અને
દેવશર્માને પ્રતિબોધવા ગયા.
હાલિકે દીક્ષા છોડી અને
દેવશર્મા પ્રતિબોધ ન પામ્યો.
આ બે કિસ્સાની આરપાર પસાર થતા
આપના જે મહાન શિષ્યત્વનો
સ્પર્શ થાય છે
તે પરમ શિષ્યત્વ જ કદાચ
આપના પરમ ગુરુત્વની લબ્ધિનું
બીજ હશે ?
૫૦ હજાર કિસ્સાઓની
જવલંત સિદ્ધિનું
રહસ્ય બે નિષ્ફળ કિસ્સાઓમાંથી
ધ્વનિત થતું જણાય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

આપને પ્રભુ સાથે જોડવામાં
અહંકાર સેતુ બની ગયો !
મારે પણ
પ્રભુ સાથે
ગાઢ જોડાણ કરવું છે.
પણ,
મારે તો
આપને સેતુ બનાવવા છે.

આપના માધ્યમથી
પ્રભુને મળવાની મજા
કાંઈક ઓર જ હશે, નહીં ?

તો,
મારી પ્રભુ ભણીની યાત્રાનો રૂટ
આવો હશે :
To પ્રભુ, વાયા-ગૌતમ !!!



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

ઊમરાનો દીપક

આગળ-પાછળના બન્ને

ઓરડાને અજવાળે.

પણ,

જેની આગળ-પાછળના

બન્ને ઓરડામાં

તેજસ્વી દીવા પ્રગટેલા હોય

તે ઊમરો કેવો ઝળહળે !

આપના ગુરુ પણ કેવલી,

આપના શિષ્યો પણ કેવલી,

અને

આપ ઝળહળતો ઊમરો !!!



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

કોણ આવ્યું ને કોણ ગયું ?
કોણ જન્મ્યું ને કોણ મર્યું ?
કોણ ઊંઘ્યું ને કોણ ઊઠ્યું ?
કોણ પરણ્યું ને કોણ રાંડ્યું ?
પરચિંતા કે પરનિંદાની ઓલાદનાં
આવા કૌતુકો અને કુતૂહલોનાં
મારણ માટે
મને સાત્ત્વિક અને તાત્ત્વિક જિજ્ઞાસાનું
ઘેલું લગાડી દો !
આપ જિજ્ઞાસાના ભંડાર હતા.
મને
જિજ્ઞાસાવૃત્તિનું દાન કરો !


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

"ધન્ના અણગાર કાળ પામીને
ક્યાં ગયા ?
જમાલિ કેટલા ભવ કરશે ?
ગોશાળો મરીને ક્યાં જશે ?
મોક્ષમાં ક્યારે જશે ?
કાલ નામનો હસ્તિ મરીને ક્યાં જશે ?
સાલ વૃક્ષનો જીવ ક્યાં ઉત્પન્ન થશે ?"

આમ તો જ્ઞાનીઓએ
પરચિંતાને અધમાધમ
ગણાવી છે.
આપની તો
'પરચિંતા' પણ
ઉત્તમોત્તમ હતી !



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

આપની ચરિત્રગંગામાં ડૂબકી મારું છું
ત્યારે હું રોમાંચિત થઈ જાઉં છું.
સ્વામી !
આપને ઝૂઝતાંય આવડ્યું,
ઝૂકતાંય આવડ્યું,
ઝૂમતાંય આવડ્યું,
અને, ઝૂરતાંય આવડ્યું.
આપ ઝૂઝ્યા તો એવા ઝૂઝ્યા કે,
પ્રભુના ચરણોનું દિવ્ય સામ્રાજ્ય સાંપડ્યું !
આપ ઝૂક્યા તો એવા ઝૂક્યા કે,
જગત આખું આપના ચરણોમાં ઝૂકી રહ્યું !
આપ ઝૂમ્યા તો એવા ઝૂમ્યા કે,
પ્રભુમય બની ગયા !
અને,
આપ ઝૂર્યા તો એવા ઝૂર્યા કે,
ક્યારેય ઝૂરવું પડે તેવું
કોઈ પ્રયોજન જ ઊભું ન રહ્યું !


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

અહંકારે આપને પ્રભુનો ભેટો કરાવ્યો,
રાગે આપને પ્રભુ સાથે પ્રીત
જોડી આપી,
વિષાદે આપને કૈવલ્યની ભેટ ધરી...
દોષો પણ આપને ફળ્યા.
અને,
મને તો ગુણો પણ ક્યાં પૂરા ફળે છે ?
આશંસા, અપેક્ષા, આત્મશ્લાઘા આદિ
શલ્યો અને અશુદ્ધિઓથી
મારા યત્કિંચિત્ ગુણો પણ
ખરડાયેલા છે !
આપને દોષો પણ ફળ્યા.
મને ગુણો તો ફળે...
તેવી કૃપાવર્ષા કરો !


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

વિનયની પાત્રતા
ભલે મારામાં ન દેખાય...
એવો અહંકાર તો શીખવો
જે પ્રભુના ચરણો સુધી દોરી જાય !
વૈરાગ્યની ભૂમિકા
ભલે મારામાં ન ઊઘડી હોય...
એવો રાગ તો શિખવાડો
જે પરાભક્તિનો પર્યાય બની રહે !
આનંદનો દરિયો
ભલે મારાથી દૂર રહ્યો...
એવો વિષાદ તો મને ચખાડો
જે મહાનંદનું પ્રવેશદ્વાર બની રહે !



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

પ્રભુ વીરે
અર્જુનમાળી, દઢપ્રહારી, ચંડકૌશિક
કે શૂલપાણિ જેવા
અનેક દુષ્ટોનો પણ ઉદ્ધાર કર્યો.
આવા દુષ્ટોને પણ ઉદ્ધારીને
ઊંચા આસને બેસાડ્યા !
અને,
આપ તો તેથી ય આગળ વધ્યા.
અહંકાર, રાગ અને વિષાદ જેવા
અનેક દોષોનો પણ ઉદ્ધાર કર્યો !
આપે આ દોષોને પણ
ઊંચા આસને બેસાડ્યા !
ગુરુકરતાં શિષ્ય સવાયા !!!


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

આપના
અહંકાર, રાગ અને વિષાદ ના
કેન્દ્રમાં પણ પ્રભુ હતા
માટે તે દોષોને પણ
ભવ્યતાની દીક્ષા મળી !
મારા તો
નમ્રતા, વિરાગ કે સમતા જેવા
યત્કિંચિત્ સદ્ગુણોના કેન્દ્રમાં પણ
પ્રભુ હશે ખરા ?



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

આપ વિવાદ કરવા ગયા

ત્યારે

પ્રભુનું આપને મિલન થયું...

અને,

પ્રભુનો વિરહ થયો

ત્યારે

આપે વિષાદ કર્યો !

અહો વૈચિત્ર્યમ્ ।

હે ગૌતમપ્રભુ !

આપ

વાંછિતફલદાતાર છો.

પણ,

મને તો વાંછતાય નથી આવડતું.

મને વાંછતા શીખવાડો

એવું પહેલા વાંછું !



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

અહંકારમૂર્તિ ઈન્દ્રભૂતિ
અચાનક વિનયમૂર્તિ ગૌતમ બની શકે
તેવું આપનું વિસ્મયકારક ચરિત્ર જાણ્યા
પછી પણ
કોઈ પણ વ્યક્તિ માટે
તેના એકાદ નબળા અનુભવ પરથી
તેના માટેનો કાયમી નબળો
અભિપ્રાય બાંધી દેવાની
મારી કુટેવ
કેમ નથી છૂટતી ?



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

આપના જીવન-પ્રસંગો
પ્રેરણામૃત વહાવતી પાવનગંગા છે.
આ પ્રસંગો મારા માટે
માત્ર માહિતીઓનો ખજાનો કે
જાણકારીનો ઢગલો ન બની રહે...
પરંતુ,
મારા જીવનના પ્રસંગે પ્રસંગે
આપના એ જીવન-પ્રસંગો
માર હૃદયપટ ઉપર ઉપસ્થિત થઈને
મને સાચી દિશા ચીંધતા રહો...



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

ક્યાં તમે અને ક્યાં હું ?

૫૦ હજાર કેવલીના ગુરુતરીકેની...

ચાર જ્ઞાનના માલિક તરીકેની...

દ્વાદશાંગીના સર્જક તરીકેની...

કે, અનંત લબ્ધિના ભંડાર તરીકેની...

વિધ-વિધ મોટાઈ આપને વરેલી હતી.

છતાં,

આ બધા મોટાઈના વાઘા

આપે ક્યાં કદી પહેર્યા હતા !

અને,

મોટાઈનું મટીરિયલ મારી પાસે કાંઈ નથી

છતાંય હું તો મોટાઈનો વટ પહેરીને ફરું છું.

મને વળગેલા

મોટાઈના આ ભૂતને

સ્વામી ! ભગાડો...



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

હાલિક જેવાને પણ આપે બૂઝવ્યો...
૧૫૦૦ જટાધારી તાપસોને પણ
આપે બૂઝવ્યા...
મને નહિ બૂઝવો ?
અને, હાલ કદાચ મારામાં
તેવી પાત્રતા ન જણાતી હોય
તો ભલે બૂઝવો નહિ,
બુઝાવો તો ખરા !
વિષયની, કષાયની અને
દુર્ધ્યાનની આગમાં
બળી-ઝળી રહ્યો છું.
કરુણામૃતનો છંટકાવ કરીને
મને બુઝાવો...
હે નાથ!


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

ઈન્દ્રભૂતિ બ્રાહ્મણ તરીકેની અવસ્થામાં
આપે કૈંક કેટલાય વાદીઓને પરાસ્ત કર્યા.
આપની ગરદન
વિજયની વરમાળાઓથી લચી
પડેલી હતી
અને,
પ્રભુ વીર સમક્ષ
આપે પરાજય સ્વીકાર્યો.
આપને વિજય પામતાં તો આવડ્યું,
પરાજિત થતાં પણ આવડ્યું.
આપના વિજય કદાચ ભવ્ય હશે,
પરાજય તો ભવ્યાતિભવ્ય હતો.
હું તો
જ્યાં હારવાનું છે
ત્યાંય જીતવા માટે
હવાતિયાં મારું છું.
પ્રભુ !
મને હારતાં તો શીખવાડો !



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

લખલૂટ લબ્ધિઓનો ખજાનો હતો
આપની પાસે.
એકાદ બે પ્રસંગ સિવાય
તે લબ્ધિઓનો ઉપયોગ આપે
ક્યારેય કર્યો નથી.
મારી પાસે જે કાંઈ શક્તિ છે
તેનો ઉપયોગ જ ન કરું
તેવી નિરીહતા તો મારા માટે
બહુ દૂરની વાત છે....
પરંતુ,
મારી તે શક્તિઓનો
હું ક્યારેય દુરુપયોગ ન કરું
તે વરદાન તો મને આપો...



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

આપની પાસે
વિશિષ્ટ દેશના-લબ્ધિ હતી.
કોઈ પણ વ્યક્તિ
આપના ઉપદેશથી
સહજ પ્રતિબોધ પામી જતી.
આપની ભક્તિના પ્રભાવે
મારામાં એવી પ્રતિબોધ-લબ્ધિ
પ્રગટો કે
હું મારી જાતને તો જરૂર
બૂઝવી શકું.
મારો ઉપદેશ મને પણ ક્યાં સ્પર્શે છે ?
હું મને સારી રીતે પ્રતિબોધ પમાડી શકું
તેવી પ્રતિબોધ-લબ્ધિ
મને પીરસો...


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

આપની પાસે
વિશિષ્ટ જ્ઞાન અને વિરલ
લબ્ધિઓ હતી,
છતાં તે બધું આપે ગોપવી રાખ્યું !
મારી પાસે જે નથી
તેની ડંફાસો પણ
હું હાંકે રાખું છું...
આપની અને મારી વચ્ચેનું
અંતર ક્યારે ઘટશે ?
હે નાથ!


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

એક ગર્વિષ્ઠ બ્રાહ્મણની ભૂમિકામાં
પ્રભુ વીર માટે આપે કેવું કેવું વિચારેલું !
તે ઈન્દ્રજાળિયો છે, ધૂતારો છે, અસર્વજ્ઞ છે...
અને તેથી તેમને હરાવવા આપ નીકળ્યા.
પરંતુ, પ્રભુ વીરની ખરી ઓળખાણ થઈ
પછી તરત જ આપે
પ્રભુ પ્રત્યેનો અભિગમ બદલી નાંખ્યો.
કોઈ વ્યક્તિ પ્રત્યેની અમુક
ગેરસમજને કારણે
કાંઈ વિપરીત અભિપ્રાય મનમાં બાંધ્યો હોય
અને પછી તે ગેરસમજ દૂર થાય તો પણ
તે વ્યક્તિ પ્રત્યેનો
મનમાં બંધાઈ ગયેલો અભિપ્રાય
કે અણગમો હું ફેરવી શકતો નથી.
સાચી સ્થિતિની જાણ થયા પછી તો
મારા અન્ય પ્રત્યેના પૂર્વગ્રહો જરૂર
પીગળે તેવા આશિષ વરસાવો !



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હે ગૌતમપ્રભુ !

આપનું ચરિત્ર
જાણ્યા પછી સમજાય છે કે
આ જગતમાં
લડવા માટેનું
અને
રડવા માટેનું
એકમાત્ર શ્રેષ્ઠ સ્થાન પ્રભુ છે.
આપ
પ્રભુની સામે લડવા નીકળ્યા તો
ગણધર પદ મળ્યું !
પ્રભુની પાછળ રડ્યા તો
કેવલી પદ મળ્યું !
સ્વામી !
મને
લડતા અને રડતા શીખવાડો...


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગૌતમસ્વામીની લબ્ધિ હોજો

એ લબ્ધિ....
જે લબ્ધિએ
માસ્ટર-કી બનીને
૫૦ હજાર શિષ્યોના
અનંત ગુણના ખજાનાઓને
ખોલી નાંખ્યા !!!

Ekta
9930404725
9920795799

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org